©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] THURSDAY, AUGUST 20, 2026 / SRAVANA 29, 1948 [ No. 34**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**જાહેરનામું**

જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૨૬

**વંચાણમાં લીધુ:**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ વિભાગ નં. ૨. વિસનગરના તા.૦૧/૦૮/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ જા.નં.સુસુવિ/પીબી/બ્રીજ/૧૬૭.૧૩૫/જાહેરનામું/૨૦૬૪/ સને ૨૦૨૬.

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું**

**નં. ડીસી/જાહેરનામું/વશી.૯૧૭૮ થી ૯૧૯૪/૨૦૨૬:** આમુખ (૧) થી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાં.૧૫૮.૯૭૦ કીમી થી ૨૭૪.૩૪૫ કીમી સુધીની કેનાલ કાર્યપાલક ઈજનેરશ્રી પે.વિ.૨. વિસનગરના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૧૬૭.૧૩૫ કીમી ઉપર મોમાઈપુરા (વરસોડા) અને કુવાદરા ગામને જોડતો વી.આર.બી આવેલ છે. સદર બ્રીજના બન્ને છેડાના એપ્રોચ ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્થ થયેલ હતો. જેને ધ્યાને લઈ સદર વી.આર.બી વાહન વ્યવહાર અને અવર-જવર માટે સલામત છે કે નહીં તે માટે સ્ટેજ-૧ અને સ્ટેજ-૨ ની સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કામગીરીના અંતે જણાઈ આવેલ છે કે સદર વી.આર.બી વાહન વ્યવહાર અને અવર-જવર માટે સલામત નથી જેથી આ વી.આર.બી ને તાત્કાલિક અસરથી બંધ કરવો પડે તેમ છે. આમ, સદર બ્રીજનુ નવીનીકરણ ન થાય ત્યાં સુધી નીચે મુજબના વૈકલ્પિક રસ્તા પર ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામું પાડવા રજૂઆત કરેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં. ૨. વિસનગરના આમુખ-(૧)ના અહેવાલ મુજબ તમામ ટ્રાફિક સૂચનાઓનું તેમજ વી.વી.આઇ.પી.મુવમેન્ટ કે અન્ય કારણોસર અત્રેથી તેમજ પોલીસ અધીક્ષકશ્રી તરફથી વખતોવખત કોઇ જરૂરી સૂચનાઓનું યોગ્ય પાલન કરવામાં આવે તદ્ઉપરાંત યોગ્ય ટ્રાફિક માર્શલો તથા સાઇનેઝ બોર્ડ તેમજ બેરીકેટીંગ લગાવી ટ્રાફિકને લગતી તમામ શરતોને આધીન રહી ઉક્ત સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારું જાહેર હિતમાં હું વિપુલ ઠક્કર, જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે તા.૦૫/૦૮/૨૦૨૬ના સવારના કલાક ૬:૦૦ થી તા.૩૧/૦૧/૨૦૨૭ના કલાક ૨૪/૦૦ સુધી નીચે જણાવેલ રસ્તા પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**<u>પ્રતિબંધીત રૂટ</u>**

- સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ ૧૬૭.૧૩૫ કીમી ઉપર વરસોડા અને કુવાદરા ગામને જોડતો વી.આર.બી. ઉપર તમામ વાહનો પર પ્રવેશ પ્રતિબંધ રહેશે.

**<u>ડાયવર્ઝન રૂટ</u>**

- વરસોડા અને કુવાદરા ગ્રામજનોની અવર-જવર સારૂ મોમાઈપુરા (પ્રતિબંધીત) બ્રીજથી કેનાલના ઉપરવાસમાં આશરે ૫૦૦ મીટરે બ્રીજ આવેલ છે જે વરસોડા, રંગપુર અને કુવાદરા ગામને જોડે છે. જેનો વૈકલ્પીક રોડ તરીકે ઉપયોગ કરી શકાશે.

સદર જગ્યાએ રાત્રીના સમયે દેખાય તે રીતેના ડાયવર્ઝન અંગેના જરૂરી સાઇનેઝીંગ બોર્ડ (સાઇનબોર્ડ ૪ ફૂટ X ૬ ફૂટ) ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લગાડવાની કાર્યપાલક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વિભાગ નં. ૨ વિસનગરએ તથા બેરીકેટીંગની વ્યવસ્થા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરએ કરવાની રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિદ્ધિ કરવામાં આવે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૦૪/૦૮/૨૦૨૬ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

(નોંધ પરના માન.જિ.મેજી.શ્રીના આદેશાનુસાર)

**વિપુલ ઠક્કર,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

-------------

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.08.20 18:44:45 IST